Read in English

## ॥ વચનામૃત ॥

## ગઢડા મધ્ય ૬૩ : બળ પામવાનું

સંવત ૧૮૮૧ના માગશર વદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ ભજનાનંદ સ્વામી શ્રીમદ્‌ભાગવતનો પાઠ કરતા હતા ને પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ! દૃષ્ટા ને દૃશ્યના મધ્યમાં જે વિચાર રહે છે, તે દૃષ્ટાને ને દૃશ્યને જુદાં જુદાં રાખે છે. એમાં જીવનું જાણપણું કયું જાણવું ને ઇન્દ્રિયો-અંતઃકરણનું જાણપણું કયું જાણવું?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમને તો એમ જણાય છે જે, જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો અંતઃકરણની વૃત્તિઓ તે જીવની જ વૃત્તિ છે. અને તેના ચાર ક્રિયાએ કરીને ચાર વિભાગ જણાય છે. અને તે અંતઃકરણમાં ને ઇન્દ્રિયોમાં જાણપણું છે તે જીવનું જ છે; તે ઇન્દ્રિયો-અંતઃકરણને જ્યાં ઘટિત હોય ત્યાં ચાલવા દે ને જ્યાં ઘટિત ન હોય ત્યાં ન ચાલવા દે. અને જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો ભૂંડું સ્વપ્ન પણ આવે નહીં. અને જેનો જીવ નિર્બળ હોય, તેને તો સાંખ્યના મતને અનુસરીને એક દૃષ્ટા એવો જે પોતાનો આત્મા તે આત્માપણે રહેવું પણ ઇન્દ્રિયો-અંતઃકરણ ભેળું ભળવું નહીં. એવી રીતે સત્તારૂપ રહેતાં થકાં એનો જીવ બળને પામે છે. અને એથી પણ બળ પામવાનો એક અતિશય મોટો ઉપાય છે જે, **ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. માટે જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.**

"અને વળી અમે અમારા અંતરની વાર્તા કહીએ જે, જ્યારે અમે અગણોતરાની સાલમાં માંદા થયા હતા ત્યારે કૈલાસ ને વૈકુંઠ દેખ્યામાં આવ્યાં ને નંદીશ્વરની અસવારી ને ગરુડની અસવારી પણ અમે કરી. એમ અમારા દીઠામાં આવ્યું, પણ તે સામર્થીમાં અમને કાંઈ સારું લાગ્યું નહીં.

પછી તો અમે કેવળ સત્તારૂપે રહેવા માંડ્યું ત્યારે સર્વે ઉપાધિની શાંતિ થઈ. પછી તેમાં પણ અમને વિચાર થયો જે, 'સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે.' માટે અમને એમ બીક લાગી જે, 'રખે સત્તારૂપે રહીએ ને પાછો દેહ ન ધરાય!' માટે દેહ ધરીને ભગવાન ને ભગવાનના ભક્તની ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા બની આવે તે જ અતિશય શ્રેષ્ઠ સાધન છે. અને જ્યારે જીવને અંત સમો આવે છે ત્યારે અનંત જાતની આધિ ને વ્યાધિ પ્રકટ થાય છે. પછી ભગવાન કે ભગવાનના સંતનું જ્યારે દર્શન થાય છે ત્યારે સર્વે દુઃખનો નાશ થઈ જાય છે. એવો ભગવાનનો ને ભગવાનના ભક્તનો મહિમા મોટો છે. અને **ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે, એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં.** અને જેમ પોતાના દેહનાં કુટુંબી હોય છે ને તેને તેના હેતને અર્થે આપણે વઢીને કહીએ ને આપણને તે વઢીને કહે પણ અંતરમાં કોઈને આંટી પડતી નથી; તેમ ભગવાનના ભક્ત સંગાથે વર્ત્યું જોઈએ. અને જેને ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઊતરતી નથી. અને **આ સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. માટે ભગવાનના ભક્તની જે સેવા કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે બરોબર કોઈ પાપ પણ નથી. માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને તો ભગવાન કે ભગવાનના ભક્તને મન-કર્મ-વચને શુદ્ધભાવે કરીને સેવવા."**

॥ ઇતિ વચનામૃતમ્ ॥ ૬૩ ॥ ૧૯૬ ॥

॥ THE VACHANAMRUT ॥

## GADHADA II-63 : Gaining Strength

On Māgshar vadi 2, Samvat 1881 [8 December 1824], Swāmi Shri Sahajānandji Mahārāj was sitting in His place of residence in Dādā Khāchar's darbār in Gadhadā. At that time, Bhajanānand Swāmi was reading the Shrimad Bhāgwat before Shriji Mahārāj, and other paramhansas as well as devotees from various places had also gathered before Him in an assembly.

Thereupon Muktānand Swāmi asked, "The thought which rests between the drashtā and the drashya keeps the drashtā and drashya separated. In this, what should be understood as the consciousness of the jiva and what should be understood as the consciousness of the antahkaran?"

Shriji Mahārāj replied, "It seems to Me that if one's jiva has become extremely powerful, then the vruttis of one's antahkaran are, in fact, the vruttis of one's jiva. These vruttis seem to be divided into four categories, according to the four respective functions of the antahkaran. Thus, the consciousness in the indriyas and antahkaran is that of the jiva itself. Therefore, the jiva allows the indriyas and antahkaran to apply themselves wherever it is appropriate to do so and restricts them from doing as they please where it is inappropriate to do so. In fact, if one's jiva has become very powerful, one would not even have impure dreams. On the other hand, if one's jiva is lacking in strength, then one should follow the principle of Sānkhya and behave only as the ātmā - the drashtā - but one should not associate with one's indriyas and antahkaran. By behaving as the ātmā in this way, one's jiva gains great strength.

"There is, however, an even greater method than this to gain strength. If a person has love for God and His Sant, possesses intense shraddhā in serving them, and also engages in the nine types of bhakti, then his jiva will instantly gain strength. Thus, for making the jiva stronger, there is no method comparable to that of serving God and His Bhakta."

Shriji Mahārāj then said, "I shall now tell you a personal principle of Mine." So saying, He continued, "When I became ill in the year of 1869, I saw Kailās and Vaikunth, and I also saw Myself riding on Nandishwar and riding on Garud. However, I did not find

any pleasure in those powers. Thereafter, I began to behave only as the ātmā, whereupon all disturbances subsided. But then I thought, 'Much better than behaving as the ātmā is to stay within the fellowship of God and His devotees.' I then became afraid, 'What if by behaving as the ātmā, I cannot return to this body again?' Thus, to stay within the fellowship of God and His devotees and thus be able to serve them in whichever way possible is indeed the very best spiritual endeavor."

Thereafter Shriji Mahārāj explained, "Countless types of mental and physical suffering arise during the final moments of a person's life. But when one has the darshan of God and His Sant, all those miseries are expelled. Such is the greatness of God and His Bhakta. In actual fact, the Bhakta of God is indeed nothing but a form of Brahma. That is why one should never perceive human traits in him.

"In addition, with the devotees of God, one should behave in the same manner as family members do amongst themselves. For example, even if a person scolds his own family members out of affection, or if they happen to scold him, grudges still do not develop in their hearts. With devotees of God, one should behave in the same manner. On the other hand, if a person does develop a grudge with God or His devotees, I do not even like to look at him. In fact, My anger with such a person never subsides. Moreover, those in this world who commit the five grave sins can still be redeemed someday, whereas one who spites devotees of God can never be redeemed.

"Thus, there is no merit greater than that of serving devotees of God, and there is no sin graver than that of spiting devotees of God. Therefore, if one wishes to make one's jiva powerful, then one should sincerely serve God and His devotees by thought, word and deed."

Vachanamrut || 63 || 196 ||